* D C E - 1 6 0 1 4 1 0 2 0 1 0 2 1 8 0 1 *

**DCE-1601410201021801** Seat No. ________

# B. J. M. C. (Sem. II) (W.E.F. 2016) Examination

**July – 2022**

## Paper - 9 : Translation & Language Improvement (Elective Group - A)

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

1 નીચેના ફકરાનો ગુજરાતી અથવા હિન્દીમાં અનુવાદ કરો : **14**

Ahmedabad : Bhavya Gandhi who become really popular thanks to his portrayal of the character of Tapu in the show titled 'Taarak Mehta Ka Ooltah Chashmah', took almost two years break from prime time. He went on to explore cinematic possibilities by acting in Gujarati movies like 'Pappa Tamne Nahi Samjaay' and the upcoming release 'Bau Naa Vichhar'. Now this young actor returns to small screen with the show 'Shaadi Ke Siyaape'. So, why did he choose to go back to the telly world ? To this, Bhavya says, "I was waiting for a good opportunity to come my way, 'Shaadi Ke Siyaape' offered me a character of a Gujarati guy who is a chef – it is an interesting common man character but then he has some super power too! I couldn't have asked for a better comeback offer. It feels good to be back on the small screen." But why was he away from the small screen for two long years ? Bhavya says, "I wanted to explore the exciting world of films. I acted in two Gujarati movies and it has been a wonderful experience."

**અથવા**

Rajkot : With the declaration of Yellow Alert and rising temperature levels, Rajkot Municipal Corporation (RMC) has armed itself to tackle the heatwave in the city. To this effect, the civic body has announced distribution of 5 MLDF water in excess to the existing quota during the summer days. On Saturday, maximum temperature in the city touched 42°C. Weather forecast for the next week predicts maximum temperature to remain hovering around 40 degrees. As a

health directive, officials have also advised people to avoid going outside during afternoon hours if possible. Departments of the civic body like health, town planning, construction, water works among many others have been instructed to work according to the action plan which has finalized on Saturday in a meeting with experts of Indian Institute of Public Health, Gandhinagar. RMC commissioner said that the action plan has been made to provide people timely medical treatment, weather related information as well as to spread awareness about how to prevent and also attend to people suffering from heat stroke.

**2** નીચેના ફકરાનો અંગ્રેજીમાં અનુવાદ કરો : **14**

જયપુર : કિંગ્સ ઈલેવન પંજાબે આઈપીએલની પહેલી મેચમાં રાજસ્થાન રોયલ્સને 14 રને હરાવ્યું હતું. ક્રિસ ગેલની (79) અડધી સદીના સહારે પંજાબે પ્રથમ દાવ લેતા 20 ઓવરમાં ચાર વિકેટે 184 રન બનાવ્યા હતા. જેના જવાબમાં પંજાબની ટીમ 9 વિકેટે 170 રન બનાવી શકી હતી. પંજાબે રાજસ્થાનને તેના ઘરમાં પહેલી વખત હરાવ્યું હતું. આ પહેલાં તમામ પાંચ મેચ રાજસ્થાને જીતી છે. સ્કોરનો પીછો કરતાં રાજસ્થાનની ટીમના કેપ્ટન રહાણે (27) અને બટલરે (68) સારી શરૂઆત કરી હતી. બંનેએ પહેલી વિકેટ માટે 78 રન બનાવ્યા હતા. રહાણેને અશ્વિને બોલ્ડ કર્યો હતો. 13મી ઓવરનાં પાંચમાં બોલે અશ્વિને બટલરને વિવાદાસ્પદ રીતે આઉટ કર્યો હતો. ટીમનો સ્કોર એક સમયે બે વિકેટે 148 રન હતો. ટીમે 16 રનની અંદર પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. આ પહેલાં રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને પહેલી બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. લોકેશ રાહુલ (4) પહેલી ઓવરમાં આઉટ થઈ ગયો હતો. આ પછી ક્રિસ ગેલે (79) અને મયંક અગ્રવાલ (22) એ સ્કોર 60 રન સુધી પહોંચાડ્યો હતો. મયંકને ઓફ સ્પિનર ગૌતમે આઉટ કર્યો હતો. ગેલે સરફરાઝ (46*) ની સાથે ત્રીજી વિકેટ માટે 84 રન બનાવ્યા હતા. ગેલે ટુર્નામેન્ટમાં 25મી ફિફટી લગાવી હતી. ગેલે સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં ચાલી રહેલી આઈપીએલની મેચમાં રાજસ્થાન રોયલ્સની સામે કિંગ્સ ઈલેવન પંજાબ તરફથી રમતાં આ કામયાબી મેળવી હતી.

**અથવા**

બાબરા : મૂળ બાબરાના અને હાલ કેનેડામાં વસતા કાઠી યુવકનો વતન પ્રત્યેનો પ્રેમ સાત સમંદર પાર પણ જોવા મળી રહ્યો છે. આ યુવકે કેનેડામાં પોતાની કારની નંબર પ્લેટમાં પોતાના વતન બાબરાનું નામ લખાવવા માટે પાસીંગ કરાવ્યું હતું. બાબરાના કાઠી સમાજના યુવાન જીતુભાઈ વાળા વર્ષોથી ઉચ્ચ અભ્યાસ અર્થે કેનેડા ગયા છે. જીતુભાઈ પાંચ બહેનો વચ્ચે એક જ લાડકો ભાઈ હતો. નાની ઉંમરમાં

તેમના પિતાનું અવસાન થતા દુ:ખ માથે આવેલ હતું. તો પણ જીતુભાઈ એ હાર ન માની હતી. પોતે મનમાં નક્કી કરી નાખ્યું કે હું હારી જાઉં તો માતા તેમજ બહેનોનું શું ? તે વખતે તેમની પરિસ્થિતિ પણ થોડીક નબળી હતી. તેથી અભ્યાસ કરવો પણ અઘરો હતો. પણ મોટી બહેનો પણ જીતુભાઈની જેમ ઘરે મદદરૂપ બનવા લાગી અને જીતુભાઈએ પણ પરિવાર માટે મહેનત શરૂ કરી. તેમણે ભાવનગરની એક ખાનગી કંપનીમાં નોકરી કરી બાદમાં તેમને કેનેડામાં સરકારી નોકરી મળી ગઈ. જીતુભાઈને વતન બાબરા પ્રત્યે ખુબ પ્રેમ છે. તેથી તેણે પોતાની નવી ખરીદેલી કારની નંબર પ્લેટમાં પોતાના ગામ બાબરાનું નામ લખાવવા પાસીંગ કરાવ્યું હતું. તેઓ કેનેડામાં પણ ભારતની પરંપરા ઉજાગર કરી રહ્યાં છે.

3 અનુવાદમાં વાક્ય રચનાનું મહત્ત્વ ચર્ચો અને વાક્ય રચનાના પ્રકારોની સમજૂતી આપો. 14

**અથવા**

3 દેશના વિકાસમાં અનુવાદ કેવી રીતે અગત્યની ભૂમિકા ભજવે છે ? છણાવટ કરો. 14

4 (અ) કહેવતો અને રૂઢિપ્રયોગોના અનુવાદ વખતે કઈ બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ ? કહેવતો અને રૂઢિપ્રયોગોના અનુવાદ પર નોંધ લખો. 7

**અથવા**

(અ) કવિતાનો અનુવાદ કેવી રીતે કરવામાં આવે છે ? કવિતાના અનુવાદની મુશ્કેલીઓ જણાવો. 7

(બ) ઉચ્ચારણ અને લેખન વચ્ચેના સંબંધનું વિશ્લેષણ કરો. 7

**અથવા**

(બ) જાહેરખબરના અનુવાદનું શું મહત્ત્વ છે ? મુદ્દાસર રજૂઆત કરો. 7

5 નીચેનામાંથી કોઈ પણ બે ટૂંકનોંધ લખો : 14

(1) ભાષા અને ભાષાંતર

(2) નાટકનો અનુવાદ અને તેની સમસ્યા

(3) પારિભાષિક શબ્દોનો અનુવાદ

(4) ભાષા અને વાણી.

---